**પ્રેસનોટ** **તા.૨૧/૦૭/૨૦૦૯**

ભાજપા પ્રદેશ પ્રવક્તા શ્રી આઈ. કે. જાડેજા એક અખબારી યાદીમાં જણાવ્યુ છે કે, જુનાગઢ મહાનગરપાલિકામાં પ્રાપ્ત થયેલ જનાદેશને ભાજપા સ્વીકારે છે. વિરોધપક્ષમાં બેસીને પણ જુનાગઢના વિકાસમાં ભાજપ તેનું યોગદાન પૂર્ણ રીતે આપશે અને સોરઠના વિકાસની યોજનાને કાર્યાવિંત કરવાના પ્રયત્નો કરશે.

શ્રી જાડેજાએ વધુમાં જણાવ્યુ છે કે સીટોની દ્દષ્ટિએ ભાજપ જુનાગઢ મહાનગરપાલિકામાં શાસન પ્રાપ્ત કર્યુ શકયુ નથી પરંતુ મતોની દ્દષ્ટિએ ભાજપે જુનાગઢ મહાનગરમાં જનાધાર જાળવી રાખેલ છે. જુનાગઢ મહાનગરની ચૂંટણીના મતદાનમાંથી ભાજપે મહાનગરમાં ૧,૩૪,૭૩૯ મતો મેળવેલ છે, જ્યારે કોંગ્રેસે કુલ મતોમાંથી ૧,૨૦,૫૩૩ મતો મેળવેલ છે. આમ સમગ્ર શહેરમાં કુલ મતદાનમાં ભાજપાની લીડ ૧૪,૨૦૦ મતોની રહેલ છે તે બતાવે છે કે સીટોની પરિસ્થિતિ સામે ભાજપે કોંગ્રેસ કરતા વધુ મતો કુલ મતદાનમાંથી પ્રાપ્ત કરેલ છે.